ગાંધીનગર સમાચાર

શહેરની ફુટપાથના રીપેરીંગ માટે લાખોનો ખર્ચ છતા વોક-વે જોખમી હાલતમાં

# ઉપાધ્યક્ષ-ધારાસભ્યના ગામમાં જંગ

## પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન ઉષાબેન પટેલ, કોંગ્રેસ પ્રવક્તા યાકુબ મનસુરીના પત્ની સાબેરાબેન પણ સરપંચ પદ માટે મેદાનમાં : છાલામાં પૂર્વ ડેપ્યુટી કલેક્ટર મેદાનમાં

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર તાલુકામાં પંચાયતની ચૂંટણીમાં જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન ઉષાબેન પટેલે સરઢવના સરપંચપદ માટે ઝુકાવ્યુ છે તો કોબામાં મનપાની ટિકિટ લઈ વિધાનસભા જંગ લડેલા શૈલેષ પટેલે સરપંચની ચૂંટણીમાં ઝુકાવ્યુ છે.

ગાંધીનગર તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બન્ને પક્ષ માટે ખરાખરીનો જંગ બની ચુક્યા છે.

કુડાસણ પંચાયતમાં સરપંચપદ માટે અંબાલાલ પટેલ ચતુષ્કોણીય જંગ લડી રહ્યા છે. તો ભાજપના પૂર્વ પ્રમુખ નીતિન પટેલના વતન રૂપાલમાં પણ સરપંચપદ માટે ચતુષ્કોણીય જંગ જામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે રરઢવમાં ઉષાબેન પટેલ પણ સરપંચ પદ માટે ચતુષ્કોણીય જંગ લડી રહ્યા છે.

વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના વતન ટીંટોડામાં પણ સરપંચપદ માટે ચતુષ્કોણીય જંગ જામ્યો છે. પુન્દ્રાસણમાં પણ બે ઉમેદવારો સરપંચ પદ માટે જંગ ખેલી રહ્યા છે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોક પટેલના વતન કોલવડામાં સરપંચપદ માટે ત્રિકોણીય જંગ ખેલાઈ રહ્યો છે. તો બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ અજીતસિંહ તેમના વતન રાંદેસણમાં સરપંચપદ માટે ત્રિકોણીય જંગ લડી રહ્યા છે.

તાલુકા પંચાયતના વર્તમાન ઉપપ્રમુખ તેમજ ભાજપનો ગઢ ગણાતા રાંધેજામાં પણ સરપંચ પદ માટે ૬ ઉમેદવારોએ મેદાનમાં ઝુકાવ્યુ છે.

પૂર્વમંત્રી સ્વ. કાસમબાપુના વતન લિમ્બડિયામાં સરપંચપદ માટે બો ઉમેદવારો મેદાનમાં છે. પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ ઠાકોરના ગામમાં સરપંચપદ માટે ૩ ઉમેદવારો મેદાનમાં છે.

કોંગ્રેસ પ્રવક્તા હિમાંશુ પટેલના વતન અડાલજમાં સરપંચ પદ માટે ઉમેદવારો મેદાનમાં છે. વાવોલમાં સરપંચપદ માટે ૩, જલુંદમાં સરપંચપદ માટે ૬, આદરજ મોટીમાં સરપંચપદ માટે ૪ ઉમેદવારો મેદાનમાં છે. ચિલોડા(ડ)માં કોંગ્રેસના જિલ્લા પ્રવક્તા યાકુબભાઈ મનસુરીના પત્ની સાબેરાબેન મનસુરી પણ સરપંચ પદ માટે સીધો જંગ લડી રહ્યા છે.

છાલામાં પૂર્વ ડેપ્યુટી કલેક્ટર એમ.બી. પટેલ પણ સરપંચ પદ માટે મેદાનમાં હોઈ જંગ ખરાખરીનો જામ્યો છે.

# ૧૪ પંચાયતો અને ૪૦૦થી વધુ વોર્ડ બિનહરિફ થયા

## કોબામાં સૌથી વધુ સરપંચના ઉમેદવાર

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં પંચાયતીરાજની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ૪૦૦ જેટલા વોર્ડ અને ૧૪ જેટલી પંચાયતો સમરસ બની છે.

આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે રાજકીય પક્ષોના આગેવાનોની દોડધામને અંતે પણ સમરસ પંચાયતોની રચના કરવામાં નિષ્ફળતા મળી છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામમાં ૭, માણસામાં ૪, કલોલમાં ૧ અને ગાંધીનગરમાં બે પંચાયતો મળી ૧૪ જેટલી પંચાયતો સમરસ બની હોવાનુ બિન સત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર તાલુકામાં રણાસણ અને રાયસણ ગ્રામ પંચાયત સમરસ થઈ છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૨૭૫ થી ૩૦૦ જેટલા વોર્ડ બિનહરીફ થયા છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ગણપતપુરા ગામ સમરસ થયાના અહેવાલ છે. આ ગામ જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના વિસ્તારનું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં જે રીતે

● અનુસંધાન પાન-૭ પર



તૈયારીઓ પૂરજોશમાં - વાયબ્રન્ટ સમિટના આગમનને પગલે શહેરના શણગારવા તંત્ર ખડે પગે છે... માર્ગો, ફુવારા, સર્કલો, સેન્ટ્રલ વર્જ તથા ફૂટપાથને મરામતનો આખરી ઓપ અપાય છે... જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં તો શહેરનો લૂક બદલાઈ જશે... દેશ-વિદેશના મહેમાનો ગાંધીનગર આવી રહ્યા છે... પ્રધાનમંત્રી સહિત અનેક વિશિષ્ટ અતિથિઓ ૯મી જાન્યુઆરીથી નગરના મહેમાન બનશે... અને એમના સ્વાગત માટે મહાનગરપાલિકા, માર્ગ-મકાન વિભાગ અને શહેરી વિકાસ વિભાગ રાત દિવસ તૈયારીઓ કરી રહ્યું છે... દર બે વર્ષ યોજાતા વાયબ્રન્ટ સમિટથી શહેરના વિકાસને પણ સારો વેગ મળે છે...

# શહેરની હરિયાળીને નિખારવા માટે વનતંત્રની ૮ ટીમો કામે લાગી

## ટ્રીમીંગની સાથે સુકા અને ભયજનક વૃક્ષો પણ દુર કરાશે

ગાંધીનગર તા ૧૪

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. નગરના રસ્તાઓ તેમજ ફુટપાથની સજાવટ માટે ટીમો કામે લાગી છે. જયારે વનતંત્ર દ્વારા પણ વૃક્ષોની ટ્રીમીંગ તેમજ ફેન્સીંગને કલર કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. બીજીતરફ શહેરમાં સુકા તેમજ ભયજનક વૃક્ષો દુર કરવા માટે પણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વૃક્ષોના ટ્રીમીંગ સહીતની કામગીરી માટે વનતંત્ર દ્વારા ૮ જેટલી ટીમો કામે લગાડવામાં આવી છે. આ દરમિયાન ૧૦૦ જેટલા જોખમી વૃક્ષો પણ દુર કરાશે.

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને દુલ્હનની જેમ શણગારવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. જે અન્વયે કામગીરી યુધ્ધાના ધોરણે ચાલી રહી છે. શહેરના માર્ગોની સુધારણા તેમજ રોડ ફર્નિચર અને સફાઈ સહીત ફુટપાથ રીપેરીંગની સાથે રંગરોગાનની કામગીરી મુખ્ય બની છે.


હાલ શહેરના વિવિધ માર્ગોને વાઈબ્રન્ટ લુક આપવા માટે ટીમો કામે લાગી છે. શહેરમાં વનતંત્ર દ્વારા પણ વૃક્ષોનુ ટ્રીમીંગ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના વિવિધ મુખ્યમાર્ગો પર વૃક્ષોની નમી પડેલી ડાળીઓ દુર કરવા માટે ટીમ કામે લાગી છે. જયારે વન આરક્ષિત જગ્યામાં સ્થિત ફેન્સીંગને કલર કામ કરવામાં આવી રહયુ છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક વિસ્તારમાં વન તંત્રની ફેન્સીંગ તુટી જતા મોટાભાગના ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જેને અનુલક્ષી ફેન્સીંગનુ નવિનીકરણ તેમજ રંગરોગાન કરવામાં આવી રહયુ છે. ફેન્સીંગના પોલ્સને લીલો તેમજ પીળો કલર કરવામાં આવી રહયો છે. જેના અંતે મુખ્ય માર્ગોની રોનક વધુ નિખરશે. જયારે શહેરમાં સુકા અને જોખમી વૃક્ષો દુર કરવા માટે પણ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. શહેરમાં ૧૦૦ જેટલા સુકા અને જોખમી વૃક્ષો દુર કરવા માટે પણ કામગીરી ચાલી રહી છે. સુત્રોના જણાંવ્યા મુજબ વનતંત્રની ૮ જેટલી ટીમો કામે લગાડવામાં આવી છે. યુધ્ધના ધોરણે કામ હાથ ધરાયુ છે.

# ‘અર્ક’ વ્યાખ્યાનમાળામાં રવિવારે બ્રહ્મવિહારી સ્વામીનું વ્યાખ્યાન

## નવા વર્ષે, નવું વિચારીએ વિષય પર બ્રહ્મવિહારી સ્વામીનું વક્તવ્ય યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના પ્રબુધ્ધ નાગરિકોમાં અત્યંત પ્રિય એવી ગાંધીનગર કલ્ચરલ ફોરમની ‘અર્ક’ વ્યાખ્યાનમાળા અંતર્ગત આગામી તા. ૧૮મી ડિસેમ્બરે પથિકાશ્રમ પાર્ટી પ્લોટ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે સાંજે ૪.૪૫ કલાકે અક્ષરધામ-બી.એ.પી.એસ.ના સંત પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીનું વક્તવ્ય યોજાશે.



પખવાડિયાં પછી નૂતન વર્ષ શરૂ થઈ રહ્યું છે. ૨૦૧૭ની શરૂઆત પહેલાં નૂતન જીવન અભિગમ કેળવવામાં મદદરૂપ થાય એ હેતુ પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી ‘નવા વર્ષે, નવું વિચારીએ...હેપ્પી ન્યુ યર’ - વિષે વક્તવ્ય આપશે.

સંવેદનશીલ અને સંસ્કારી સમાજના નિર્માણ માટે ગાંધીનગર કલ્ચરલ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના કોમન પ્લોટમાં ધાર્મિક સ્થાનો ઉભા કરવા મંજુરી ન આપવા મહાસંઘની રજુઆત

## સેકટરોમાંને દબાણ અને ગંદકી મુક્ત કરી યોગ્ય વિકાસ કરવા માંગ

ગાંધીનગર તા ૧૪

શહેરની વસાહતમાં સ્થિત કોમન પ્લોટમાં ધાર્મિક દેવસ્થાનો બનાવવા માટે મંજુરી ન આપવા માટે શહેર વસાહત મહાસંઘે નાયબ મુખ્યમંત્રીને રજુઆત કરી છે. કોમી એખલાસનુ વાતારણ જળવાઈ રહે તેમજ પ્લાનીંગ સાથે નિર્માણ કરાયેલા સેકટરોમાં ખુલ્લી જગ્યાનો યોગ્ય વિકાસ થાય તેવી લાગણી પણ મહાસંઘ દ્વારા રજુ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ આ અંગે રજુઆતમાં જણાંવ્યા અનુસાર શહેરના સેકટરોમાં સ્થિત કોમન પ્લોટમાં બાળકોની રમત તેમજ વિવિધ ધાર્મિક ઉત્સવના ઉપયોગમો લેવાય છે. ત્યારે કોમન ચોકમાં ધાર્મિક સ્થાન ઉભુ કરવા માટે સરકાર સમક્ષ રજુઆતો કરવામાં આવી છે. જયારે આવા કિસ્સામાં ધાર્મિક સ્થાનો માટે મંજુરી ન આપવાની લાગણી અને માંગણી કરવામાં આવી છે. શહેરના દરેક સેકટરોમાં અલગ અલગ ધર્મના નાગરિકો વસવાટ કરે છે. જયારે જુદા જુદા ધર્મના લોકો પોતાની આસ્થા મુજબ ધર્મ સ્થાનો બનાવવા માટે માંગણી રજુ કરવામાં આવશે. જેના લીધે કોમી એખલાસનુ વાતાવરણ પણ ડહોળાઈ તેવી શક્યતા છે. સેકટરવાસીઓમાં આંતરિક વાદવિવાદ થવાના સંજોગો ઉભા થાય તેવી પણ સંભાવના છે. જયારે ખાલી અને ખુલ્લી જગ્યામાં થતા દબાણો અને ગંદકી દુર કરી યોગ્ય વિકાસ થાય તેવુ આયોજન કરવા પણ માંગ ઉઠવા પામી છે. શહેરના નિર્માણ માટે આસપાસના ગામોના ખેડુતોએ જમીન સંપાદિત કરવામાં આવી છે. આમછતા દાયકાઓના અંતે પણ શહેરનો યાગ્ય વિકાસ થયો નથી. ત્યારે નગરની રચના અને પ્લાનીંગને ધ્યાને લઈ દબાણો સહીત રહેણાંક વિસ્તારમાંથી ઝુંપડાઓ દુર કરવા પણ પ્રબળ રજુઆત કરવામાં આવી છે.

# શહેરની ફુટપાથના રીપેરીંગ માટે લાખોનો ખર્ચ છતા વોક-વે જોખમી હાલતમાં

## ફુટપાથ પર કપાયેલા વૃક્ષોના જોખમી થડીયા વોકીંગ કરનારાઓ માટે ભયજનક



ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટના ઓવારણા લેવા માટે કરોડોના ખર્ચે વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. નગરના રસ્તા સહીત વૃક્ષોની સજાવટ માટે ટીમો કામે લાગી છે. જયારે ફુટપાથ રીપેરીંગનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. ફુટપાથના કર્બિંગને પણ રંગરોગાન કરવામાં આવે છે. પરંતુ બ્યુટિફિકેશનની જાકમજોળ વચ્ચે આમ નાગરિકોને પડતી હાલાકી નિવારવાનુ વિસરાયુ છે. ફુટપાથ પર સ્થિત કપાયેલા વૃક્ષોના થડીયા હજુ પણ અસ્તિત્વ ધરાવે છે. વોકીંગ કરતા નાગરિકો આ સ્થિતિના લીધે ઘણીવાર અકસ્માતનો ભોગ બને છે. ત્વરિત અસરથી આ કપાયેલા વૃક્ષોના મુળિયા પણ વોક વે પરથી દુર કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરને વાઈબ્રન્ટ લુક આપવા માટે તડામાર કામગીરી ચાલી રહી છે. જેમાં રસ્તા વોક વે અને વનતંત્ર દ્વારા ફેન્સીંગને કલર કોડ આપવાનુ કામ મુખ્ય

● અનુસંધાન પાન-૭ પર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ હારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com